

અંક : ૨૪ જુન ૨૦૨૪

દશનામ

સરક્યુલર



પપ્પા
એટલે
પરમેશ્વરના
પુરાણો
કરતા પણ વધુ
પ્રેકટીકલ
પ્રેરણાદાયક
પુસ્તક

વર્ષ : ૦૨

•

અંક : ૨૪

•

જુન ૨૦૨૪

•

તંત્રી
લલિતપુરી રામપુરી ગોસ્વામી
મો. 9898 550 833

•

E-mail
dashnamcircular@gmail.com

•

પ્રકાશન અને સંકલન
લલિતપુરી આર. ગોસ્વામી
સુરત.

•

ડિઝાઈન
જી.પબ્લીકેશન્સ
સુરત.

•

પ્રાપ્તિ સ્થાન

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

તંત્રીલેખ...

ગંભીરતા...

* અંતર્મુખતાના દિવ્ય ગુણને ધારણ કરવાનું પ્રથમ પગથિયું એટલે ગંભીરતા.
* જે સ્વશાસન શીખવે, સાચી સ્વતંત્રતા અપાવે, સાચુ સ્વરાજ્ય પ્રાપ્ત કરાવે એ છે ગંભીરતા.
* દરેક વાતનો લાભ અને નુકસાન વિચારીને, સમજીને નિર્ણય કરવો એટલે ગંભીરતા.
* ગંભીરતાથી વ્યક્તિના સ્વભાવ-સંસ્કાર, ચાલ-ચલન ઉચ્ચ અને દિવ્ય બને છે.
* ગંભીરતા વ્યક્તિને રૉયલ બનાવે છે.
* ગંભીરતા દ્વારા ગમે તેટલી વિકટ પરિસ્થિતિઓ - મુશ્કેલીઓનો સામનો સરળતાથી અને સહજતાથી કરી શકીએ છીએ.
* ગંભીર વ્યક્તિના પ્રત્યેક શબ્દોની કિંમત થાય છે, તેના બોલનું મહત્ત્વ હોય છે.
* ગંભીરતાથી વ્યક્તિનું ધન, મિલ્કત, વાણી અને સંકલ્પની બચત થાય છે.
* ગંભીરતા મનુષ્યને સતત જાગૃત રાખે છે.
* પુરુષાર્થ અને ધારણામાં ગંભીરતા ઉચ્ચ અવસ્થાના શિખરે પહોંચાડે છે.
* ગંભીરતાથી કરેલ કાર્ય સો ટકા સફળ થાય છે.

નિરંતર યોગ અભ્યાસ કરવાથી, જ્ઞાનની ગહરાઈમાં જઈ ચિંતન કરવાથી, સંસારના ખેલને અને દરેક આત્માના પાર્ટને સાક્ષી બનીને જોવાથી, જે વીતી ચૂક્યું છે તેને ભૂલી જવાથી, ઉદંડતા, હલકાપણું, છીછરાપણાનો ત્યાગ કરવાથી, સમજી વિચારીને પ્રત્યેક બોલ, કર્મ, વ્યવહાર કરવાથી ગંભીરતાનો ગુણ પ્રાપ્ત થાય છે.

- લલિતપુરી આર. ગોસ્વામી

દશનામ

ⓔ સરક્યુલર

... અનુક્રમણિકા ...



હેમેન્દ્રગીરી એસ. ગોસ્વામી
જામનગર

શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ, જામનગર દ્વારા ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં શૈક્ષણિક સંકુલ (ભવન)નું નિર્માણ થશે...

જામનગર મુકામે શ્રી વિનોદપુરી છગનપુરી ગોસ્વામી ની સુપુત્રી ચિ.ડો. ફુરાંગીબેનની સગાઇ જુનાગઢ નિવાસી શ્રી રમેશ ગીરી ભગવાનગીરી ગોસ્વામીના સુપુત્ર ચિ. ડો. હિતાર્થગીરી રમેશગીરી ગોસ્વામી સાથે સંપન્ન થયાના પ્રસંગે શૈક્ષણિક ભવન નિર્માણ અંગે જાહેરાત કરતા ઉપસ્થિત 300થી વધુ જ્ઞાતિબંધુઓએ તાળીઓના ગડગડાટથી શૈક્ષણિક સંકુલ (ભવન)મા તન-મન-ધનથી સહયોગની ખાતરી ઉચ્ચારેલ.

આપણી જ્ઞાતિના પરિવારના વિદ્યાર્થીઓના ઉજવલ ભવિષ્ય અને ઉચ્ચ કારકિર્દી માટે ગુજરાતનું પાટનગર એવા ગાંધીનગરમાં શૈક્ષણિક સંકુલ (ભવન)નું નિર્માણ કરવાનું આયોજન કરવા અમો જઈ રહ્યા છીએ.

દરેક સમાજનાં વિકાસમાં શિક્ષણ અનિવાર્ય છે.

જેથી આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યા અભ્યાસમાં જાગૃતિ અને પ્રેરણા સાથે ટેલેન્ટેડ વિદ્યાર્થીઓને વિદ્યા અભ્યાસ ક્ષેત્રે સહયોગ મળે એ હેતુથી શૈક્ષણિક સંકુલ (ભવન)નું નિર્માણ થાય જેમાં આપ સૌની ભાગીદારીથી શૈક્ષણિક સંકુલના નિર્માણનો પ્રોજેક્ટ સફળ બની રહેશે એવી શ્રદ્ધા અને વિશ્વાસ અમોને છે.

સમાજના ઉત્કર્ષ વિકાસ અને

કેળવણીની વાત જ્યારે આવે ત્યારે સમાજ સેવાની ભાવનાથી રંગાયેલા દરેક દાતાશ્રીઓ હરહંમેશ સાથ અને સહકાર આપવા તત્પર હોય છે.

શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ જામનગર દ્વારા ગાંધીનગરમાં શૈક્ષણિક સંકુલનું નિર્માણ થાય તે માટે જમીન સંપાદન અંગેની કાર્યવાહી માટે સંસ્થા સતત પ્રયત્નશીલ રહેશે.

આપે શૈક્ષણિક સંકુલના નિર્માણ માટે શુભ આશયથી આપેલ સહયોગ અમારા સૌનાં હૃદયમાં પ્રેરણાનો સ્રોત પૂરો પાડશે.

શૈક્ષણિક સંકુલ (ભવન) પ્રોજેક્ટમાં સૌનો સહયોગ મહત્વનો બની રહે એ માટે શૈક્ષણિક સંકુલના નિર્માણ પ્રોજેક્ટમાં સમગ્ર દશનામ ગોસ્વામી જ્ઞાતીના તમામ જ્ઞાતિબંધુઓ સભ્યપદ મેળવી જોડાઈ શકશે

ઉપરોક્ત પ્રસંગે દાન/ સભ્ય ફી પ્રાપ્ત થયેલ.

૧) **રૂ.૫૧,૦૦૦/-** શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ ફંડમાંથી.

૨) **રૂ.૧,૧૦૧/-** મહાકાળી મંદિર મહંત શ્રી ભાવગીરી ઈશ્વરગીરી ગોસ્વામી ગામ. લોઠીયા-જામનગર.

૩) **રૂ.૧૭,૯૪૬/-** ડો. ફુરાંગીબેન વિનોદપુરી ગોસ્વામી તરફથી પ્રસંગે પ્રાપ્ત થયેલ ચાંદલા આશીર્વાદની રકમ શૈક્ષણિક સંકુલ (ભવન)માં અર્પણ કરવામાં આવી.

૪) **રૂ.૧૧,૧૧૧/-** શ્રી વિનોદ પુરી છગનપુરી ગોસ્વામી પૂર્વ પ્રમુખ દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ.

૫) **રૂ.૧૧,૧૧૧/-** શ્રી રમેશગીરી ભગવાનગીરી ગોસ્વામી, જુનાગઢ.

૬) રૂ. ૧૨,૦૦૦/- ડો. હિતાર્થગીરી રમેશગીરી ગોસ્વામી, જુનાગઢ. ચાંદલા પ્રસંગે આશીર્વાદ માટે મળેલ રકમ શૈક્ષણિક ભવનમાં અર્પણ કરી.

૭) રૂ. ૧,૧૦૧/- શ્રી વસંતપુરી સુખલાલપૂરી, રાજકોટ.

૮) રૂ. ૧,૧૦૧/- શ્રી ચુનીગિરિ મોહનગીરી, જામનગર.

૯) રૂ. ૧,૧૦૧/- શ્રી મનહરપૂરી છગનપુરી ગોસ્વામી, જામનગર.

૧૦) રૂ. ૧,૧૦૧/- શ્રી વિજયગીરી હેમેન્દ્રગીરી ગોસ્વામી, અમદાવાદ.

૧૧) રૂ. ૧,૧૦૦/- શ્રી નીલકંઠભારથી મગનભારથી ગોસ્વામી, મુન્દ્રા, કચ્છ.

૧૨) રૂ. ૨૫૧/- શ્રી પરેશગીરી હીરાગીરી, જમનાવડ.

બેંકની વિગત :

સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક જામનગર

ખાતાનું નામ :

શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિમંડળ જામનગર

ખાતા નંબર : **૭૮૦૪૩૭૯૯૧૭૨**

IFSC code : **SGBA0000155**

સભ્ય થવા માટે તથા દાન માટે :

પ્રવેશ ફી: રૂ. ૧૦૧/-

વાર્ષિક સભ્ય ફી: રૂ. ૧,૦૦૦/-

લી.
શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ
જામનગરના તમામ ટ્રસ્ટીશ્રીઓ.

ૐ નમો નારાયણ.



પપ્પા એટલે?

પપ્પા એટલે ખાલી એક નામ?
પપ્પા એટલે ખાલી એક દેખાવ જ?
પપ્પા એટલે ખાલી એક પદ?
પપ્પા એટલે ખાલી બાયોડેટામાં નામની પાછળ લાગતું અસ્તિત્વ?

ના...

પપ્પા એટલે પરમેશ્વરના પુરાણો કરતા પણ વધુ પ્રેક્ટીકલ પ્રેરણાદાયક પુસ્તક...

આપણી સૌથી મોટી તકલીફ એ છે કે આપણા માંથી ઘણા પુરાણો વાંચવાની અને સમજવાની વાતો કરે છે પણ ઘરમાં બેઠેલા પપ્પાને નથી વાંચી શકતા...

"ખબરદાર જો આમ કર્યું છે તો...

આવવા દે તારા પપ્પાને.. બધ્ધું જ કહી દઇશ"

આવા વાક્યો દરેક મા એ કયારેક ને કયારેક પોતાના બાળકને નાનપણમાં કહ્યાં જ હશે....

અને ન છૂટકે પણ પેલો ઓફિસમાં ફેમીલી માંટે કમાતો બાપ બાળકનો અજાણ્યો દુશ્મન બની જાય છે. અને અજાણતા જ સંતાનો સાથેનું આ છેટું ઘણું લાંબુ ચાલે છે.

ઘણા કિસ્સાઓમાં તો બાપની ખરી કિંમત સમજાય છે ત્યા સુધીમાં બાપ ખીલ્લી પર ટાંગેલ ફોટો બની ગયો હોય છે.

બાકી પપ્પા તો એવા પરમેશ્વર છે જેને પામવા વ્રત, ઉપવાસ કે અઘરા શ્લોકના ગાન કરવા નથી પડતા... આપણી તકલીફમાં આપણા ખભાને ટેકો દેવા એ જીવતો દેવ હાજરા હજૂર જ હોય છે.

એક સરસ વાત યાદ આવે છે કે ઘરની બહાર નીકળતા ખાડો આવે ને પડી જવાય તો "ઓ મા" બોલાય છે પણ અજાણ્યા જ રસ્તો ક્રોસ કરતા ટ્રક છેક પાસે આવી જાય ત્યારે તો મ્હોં માંથી "ઓ બાપ રે" જ સરી પડે છે.. જે એ વાતની સાબિતી છે કે નાની નાની તકલીફોમાં મા યાદ આવે... પણ જીવનની અઘરી અને મોટી તકલીફોમાં તો બાપ જ યાદ આવે છે.



પપ્પા નામના પરમ મિત્રને ઓળખવાની કળા મોટા ભાગે યુવાનીમાં કેળવાતી જ નથી બાકી એ વાત ખરી કે આ ઉંમરમાં પપ્પા ભણાવા કરતા ગણાવે છે વધુ.

કોઇ બાપ પાર્ટ ટાઇમ નોકરી કરતો હશે પણ પિતૃત્વતો ફુલ ટાઇમ જ કરતો હશે.. કારણકે ખેતરમાં હળ ચલાવતો કે પછી ઓફિસમાં ઓવર ટાઇમ કરતો બાપ આખરે તો દિકરા કે દિકરીને સઘળી સવલતો આપવા જ સજ્જ થતો હોય છે....

આપણી યુવાનીમાં કરેલી ભૂલોથી ટાયર્ડ થઇ જતો બાપ ચીડાઇને પિતૃત્વથી રીટાયર્ડ નથી થઇ જતો.. એને પળે પળ આપણને કશું એટલા માટે શીખવાડવું છે કારણકે જીવનમાં જયાં જયાં એણે પીછે હટ ભરી છે ત્યાં ત્યાં આપણે ન ભરી દઇએ....

બુધ્ધિનું બજેટ ખોરવ્યા વિના આપણી બાહોશતા અકબંધ રહે તેવા પ્રયત્નો એ સતત કરતો રહે છે. આ કારણોસર એ મોટા ભાગે કડક વલણ અપનાવે અને એટલે જ એ છપ્પનની છાતીમાં રહેલું લીસ્સુ માખણ આપણને મોટાભાગે ઓળખાતુ નથી.

આ પપ્પા એટલે ૯ વાગે ટીવી બંધ કરીને જબરજસ્તી ભણવા બેસવાનો ઓર્ડર નહી પણ ભણતરની કિંમત સમજાવતુ એક સુવાક્ય..

આ પપ્પા એટલે રાત્રે જયાં સુધી ઘરે ન આવીયે ત્યાં સુધી સતત ચાલતો હિચકાનો કિચુડ કિચુડ અવાજ....

આ પપ્પા એટલે મમ્મી કરતાં પણ વધુ વ્હાલની ઉપર પહેરેલૂ કડકાઇનું મ્હોરુ..

આ પપ્પા એટલે એકવાર ખાઇ લીધા પછી મમ્મીથી સંતાડીને બીજી વાર અપાતી ચોકલેટ...



આ પપ્પા એટલે એવી પર્સનાલીટી જે ફેશન ન કરતી હોવા છતાં ય આપણા સ્ટાઇલ આઇકોન બની જાય...

આ પપ્પા એટલે આપણને કદિ યે પડી ન જવા દેતો સાઇકલની સીટની પાછળથી પકડેલો મજબુત હાથ...

આખરે પપ્પા એટલે પપ્પા...

બસ, આમ જુવો તો કશું જ નહી અને આમ જુવો તો બધ્ધું જ...

હજીયે સમય છે.. જો પપ્પા નામનું લાગણી નું સરનામું જીવંત બનીને ઘરમાં પોતાની મીઠાશ ફેલાવતું હોય તો આ લેખ પુરો કરીને એને જઇને એકવાર કોઇજ કારણ વગર ભેટી પડજો...

એ પપ્પા નામના પુસ્તકમાં એવુ સરસ મઝાનું પાનુ જોડાશે જે જીવનભર વાંચવું ગમશે.

‘‘દશનામ સરક્યુલર’’ને


૨

વર્ષ પૂર્ણ થયા તે બદલ....

આપ સર્વે જ્ઞાતિબંધુઓ, વાચક મિત્રો, લેખક બંધુઓનો

આભાર...


ૐ નમો નારાયણ...






‘‘મરૂત્સખા’’

આધુનિક યુગમાં **પહેલું વિમાન** રાઈટ બંધુઓએ નહીં, પણ ભારતનાં **શિવકર બાપુજી તલપડે**એ **બનાવ્યું** હતું...!



- રમેશપુરી યુ. ગોસ્વામી ‘સારથિ’
લાકડિયા, ભચાઉ (કચ્છ)

અનેક એવાં મિથ્યને ફેલાવવામાં આવ્યાં છે, જેને સત્ય સમજી લેવામાં આવ્યું છે. ઇતિહાસની અનેક બાબતોમાં અંગ્રેજીયતનાં દરબારી ઇતિહાસકારોએ માત્ર નરેટિવ ચલાવ્યો છે. ભારત મતલબ મદારીઓનો દેશ અને અંગ્રેજો એટલે બહુ વિદ્વાન એવું સિદ્ધ કરવામાં આવ્યું હતું. રામાયણમાં પુષ્પક નામનું વિમાન હતું. એ કાળમાં પણ અનેક એવી શોધ હતી, જે આજનાં આધુનિક યુગમાં આજે છે પણ એનું પૂર્ણ વર્ણન મળે છે. આધુનિક યુગમાં પહેલું વિમાન રાઈટ બંધુઓએ બનાવ્યું એ અસત્ય



છે. એ પહેલાં મહર્ષિ ભારદ્વાજનાં વિમાન શાસ્ત્ર-પુરાણોમાં આપવામાં આવેલા વિમાન પરથી પ્રેરણા લઈને મહારાષ્ટ્રનાં શિવકર બાપુજી તલપડે (જન્મ- ૧૮૬૪, મૃત્યુ- ૧૯૧૬ ચીરા બજાર, મુંબઈ) એ બનાવ્યું હતું.

સર જમશેદજી જીજીભોય સ્કુલ ઓફ આર્ટમાં અભ્યાસ કર્યો. નાનપણથી જ જિજ્ઞાસુ. અભ્યાસ પુર્ણ થયા બાદ આ જ સ્કુલમાં શિક્ષક તરીકે જોડાયા. વેદો, સનાતન ગ્રંથોનાં ઊંડા અભ્યાસી.દયાનંદ સરસ્વતીથી ખુબ પ્રભાવિત હતા. તેઓ સંસ્કૃતનાં વિદ્વાન હતા. અમેરિકાનાં રાઈટ બ્રધર્સથી ૮ વર્ષ પહેલાં ૧૮૯૫માં શિવ દ્વારા વિમાન બની ગયું હતું અને એનું નામ રખાયું હતું મરુત્સખા. આ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ થાય છે પવનનો મિત્ર. વડીલ મિત્ર શુભારાવ શાસ્ત્રી સાથે આ બાબતે ચર્ચા કરતા. ભારતવર્ષનાં અગણિત ગ્રંથોમાંનાં એક ગ્રંથ વિમાન શાસ્ત્રને ઋષિ ભારદ્વાજ દ્વારા ૭૦૦૦ વર્ષ પહેલાં લખવામાં આવ્યું હતું. જેમાં ૮ અધ્યાય, ૩૦૦૦ શ્લોક, ૧૦૦ ખંડમાં વિમાન કેવી કેવી રીતે બનાવવું એની ગણતરી, સચોટ જાણકારી આપવામાં આવી છે. એ મુજબ ૩૨ રીત થી ૫૦૦ જાતનાં વિમાન બનાવી શકાય. સંસ્કૃતનાં પ્રકાંડ પંડિત તલપડેનાં વિદ્યાર્થી સાત્વાલેકરની હાજરીમાં વિમાન ઉડાડ્યું હતું. વિમાન બનાવવામાં એમની પત્નીએ પણ સહયોગ કર્યો હતો. મહાદેવ ગોવિંદ રાણાડે, મુંબઈ હાઈકોર્ટેનાં જજ) વડોદરાનાં સયાજીરાવ ગાયકવાડ તથા હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.


મુંબઈનાં ગિરગાંવ ચોપાટી પર મરુત્સાખા ખરેખર ઉડ્યું હતું. માનવ રહિત આ વિમાનને રિમોટ કંટ્રોલથી ઉડાડવામાં આવ્યું હતું. આજે ડ્રોન આવ્યાં છે, પણ આ શોધ સૌ પ્રથમ વિમાન અને સૌ પ્રથમ ડ્રોન પણ હતું. આ વિમાન તલપડેએ પોતાનાં સ્ટોર રૂમમાં રાખ્યું હતું, જે લાંબો સમય સુધી રહ્યું. મુંબઈની ગિરગાંવ ચોપાટી પર ૧૮૯૫માં આ વિમાનને ઉડાડવામાં આવ્યું હતું, જે થી ૧૫૦૦ ફુટ ઉપર ઉડ્યું. એના અનેક દસ્તાવેજી પુરાવા મળે છે.

૧૭, ડિસેમ્બર, ૧૯૦૩માં ઓરવિલે અને વિલ્બર નામના રાઈટ ભાઈઓનાં નામે વિમાન બનાવ્યાની જાહેરાત કરવામાં આવી એ પહેલાં અને ત્યારબાદ પણ અનેક લોકો એ, અનેક દેશોએ વિમાન બનાવવાનો દાવો કરવામાં આવ્યો છે. બ્રાઝિલનાં આલ્બર્ટો સાન્ટોસ ડુમોન્ટો એ ૧૯૦૬માં વિમાન બનાવવાનો દાવો કર્યો હતો. ૧૮૪૬માં જ્યોર્જ કેલને કલ્પના કરી હતી કે વિમાન ઉડી શકે. થોડું કામ અને સ્કેચ પણ કરેલ. અન્ય દેશોનાં લોકોએ પણ આડા અવળાં લીટાં દોરીને વિમાનની કલ્પના કરી હોવાનાં

દાવા ઠોકી દીધા. પણ આજથી સાત હજાર વર્ષ પહેલાં મહર્ષિ ભારદ્વાજ દ્વારા વિમાન પર એક આખું શાસ્ત્ર રચ્યું હતું. આ શાસ્ત્રનાં આધારે દુનિયા ભરનાં લેખકોએ પોત પોતાની ભાષામાં અનુવાદ લખ્યા. અન્ય એક ૧૫૦૦ વર્ષ જુનું પુસ્તક, જેમાં આઠ અધ્યાયમાં વિમાન બનાવવાની સચોટ ગણતરી કરવામાં આવી છે. ૫૦૦ સિદ્ધાંત બતાવવામાં આવે છે, હર એક સિદ્ધાંતની ૩૨ પ્રક્રિયાનું વર્ણન છે. તલપડે દ્વારા ઉડાડવામાં આવેલા વિમાનની ખબર અંગ્રેજોનાં અખબારોમાં સ્થાન નહોતું મળ્યું, પણ બાળ ગંગાધર તિલકનાં સંચાલનમાં પ્રકાશિત થતા મરાઠા નામના સાપ્તાહિકમાં તથા કેશરી નામના અખબારમાં આ સમાચારને હેડિંગમાં સ્થાન અપાયું હતું.

આવા ૫૦૦ વિમાન બનાવી શકું એવું છાતી ઠોકીને કહેનારા શિવભાઉ પાસે નાણાંનો અભાવ હતો. પોતાની તમામ મુડી એક શોધ પાછળ ખર્ચી નાખી હતી. જે ધન હતું તે મરુત્સખા બનાવવામાં વાપરી નાખ્યું હતું. જોઈતી ધનરાશિ એકત્ર કરવા માટે વેતરણમાં હતા. સયાજીરાવ ગાયકવાડે મદદનો વાયદો કર્યો હતો. અનેક નામચીન દેશભક્તો સુધી વિમાન બનાવ્યાની વાત પહોંચી ચૂકી હતી. વિમાનને વધુ મોર્ડન બનવવા માટે ૫૦ હજારની જરૂરત હતી. એ સમયે ભારતમાં અનેક રજવાડાંઓ હતાં, પણ યોગ્ય રજૂઆત કરવામાં આવે, આ બહુમુલી શોધ બાબતે જાણ કરવામાં આવે એ પહેલાં શાતિર અંગ્રેજો ચાલ ચાલી ગયા.

ભારતમાં વિમાનની ઉડાનથી અનેક દેશોનાં પેટમાં તેલ રેડાયું હતું. ખાસ કરીને ઇંગ્લેન્ડ. આ સમયમાં અંગ્રેજોનું અડધા વિશ્વ પર રાજ હતું. એવામાં એ ક્યારેય ન ઇચ્છે કે એક એક ગુલામ દેશનાં ગુલામ વ્યક્તિ આવી શોધ કરી જ કેમ શકે? આવી મેલી મથરાવટી વાળા અંગ્રેજો છળ કપટ પર ઉતરી આવ્યા. આ ઐતિહાસિક શોધનાં કારણે શિવકરજી અંગ્રેજોની આંખોમાં ખટકવા લાગ્યા. અંગ્રેજોની એક કંપની રેલી




The First Unmanned airplane invented by Shivkar Talpade

બ્રધર્સ હતી, જેના દ્વારા અંગ્રેજો તલપડે ભાઉ પાસે આવ્યા અને ઑફર કરવામાં આવી કે અમે તમને વિમાન બનાવવામાં આર્થિક મદદ કરીશું, બદલામાં તમે અમને વિમાન બનાવવાની તકનીક આપો. આવા કપટમાં ભાઉ આવી ગયા. ટેકનિક મેળવ્યા બાદ મદદ કર્યા વગર આ ટેકનિક અંગ્રેજો લંડન લઇ ગયા. જ્યાંથી કોઈક રીતે અમેરિકાનાં રાઈટ ભાઈઓનાં હાથે ચડી ગઈ. અથવા કોઈ દ્વારા આપવામાં આવી. આ અગાઉ પણ આ બંને ભાઈઓ વિમાન બનાવવાનાં

મનસૂબા સેવતા જ હતા. અનેક પ્રયાસો બાદ પણ સફળતા હાથ નહોતી લાગતી. એવામાં એક ભારતીય દ્વારા તૈયાર કરાયેલી સરળ ભાષામાં ટેકનિકથી વિમાન બનાવ્યું અને આ શોધને અંગ્રેજો દ્વારા પ્રથમ શોધ કહેવામાં આવી. બાદમાં શિવકર ભાઉનું શંકાસ્પદ હાલતમાં મૃત્યુ પામ્યા. એમનાં દ્વારા બનાવવામાં આવેલ વિમાનને વિલેપાર્લેનાં એક એક્ઝિબિઝનમાં મૂકવામાં આવ્યું હતું. હાલ હિન્દુસ્તાન એરોનોટિક લિમિટેડ દ્વારા વિમાનનાં દસ્તાવેજોને સાંચવીને રાખવામાં આવ્યાં છે. શિવકર બાપુજી તલપડેનાં જીવન પર આધારિત હવાઈઝાદા ૩૦ જાન્યુઆરી, ૨૦૧૫નાં રિલીઝ થઈ હતી.

અવતરણ :

આપણા દેશમાં અનેક દિવસ ભારતીયોનાં નામ પર ઉજવાય છે. ખેડૂત, શિક્ષક, ઇત્યાદિ.. તો આવા જ કોઈ દિવસની ઘોષણા શિવકર બાપુજી તલપડેનાં નામ પર કરવામાં આવે તો દેશ વાસીઓને અને જગ આખામાં ખબર પડે, લોકો સ્વીકારતા થાય કે વિમાનની સૌથી પહેલાં શોધ એક ભારતીય દ્વારા કરવામાં આવી હતી. સરકાર શિવકર ભાઉનાં વિમાન, દસ્તાવેજોને લોકો સમક્ષ રજુ કરે. આટલા મોટા વૈજ્ઞાનિક ગુમનામીનાં અંધારામાં ગરક થઇ ગયા છે એમાં અંગ્રેજોનું કપટ તો છે જ, પણ હવે ભારતીયોની જવાબદારી છે કે આ મહાન વ્યક્તિને ન્યાય અને નામ મળે. એમનાં પરિવારજનોનું સ્વાગત કરીને કોઈ મરણોપરાંત એવોર્ડ પણ એનાયત કરી શકાય. પોસ્ટ ટિકિટ જારી કરી શકાય. રોડ, કોઈ એરપોર્ટ, કોઈ ભવન, કોઈ યોજના, કોઈ શૈક્ષિણક સંસ્થાનનું નામ આપી શકાય. પાઠ્યપુસ્તકોમાં તલપડે ભાઉનાં જીવનનો સમાવેશ કરી શકાય. આવું ઘણું બધું થઈ શકે. ભારતનાં આવડા મોટા વૈજ્ઞાનિકને ગુમનામીનાં અંધારામાં રાખીને ભારત સરકાર અપમાન કરી રહી છે. શિવકર ભાઉનું, ભારતનું અને ખુદ સરકારનું.





કેમ છો? મજામાં... આ ''મજામાં'' હોવું એટલે શું?



પિતામ્બરપુરી આર. ગોસ્વામી
સુરત

કોઈએ પણ પૂછેલા 'કેમ છો?'ની પાછળ આપણે 'મજામાં' એટલું સરળતાથી જોડી દઈએ છીએ જાણે આપણા નામની પાછળ આપણી અટક !

પણ મજામાં હોવું એટલે શું?

મજામાં હોવું એટલે...

કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર, બીજા કોઈના પણ અભિપ્રાયોને મહત્વ આપ્યા વગર પોતાની જાતને પ્રેમ કરવો. કોઈની પણ અવગણનાથી દુઃખી થયા વગર પોતાની જાતને મહત્વ અને ધ્યાન આપવું.

મજામાં હોવું એટલે...

સરળતાથી માફ કરી શકવું. જે લોકો પાસે ખુશ રહેવાના કારણો હોય છે, તેમની પાસે બદલો લેવાનો સમય નથી હોતો. તેઓ લોકોને એટલા માટે માફ કરી દે છે કારણકે તેઓ પોતે શાંતિ ઈચ્છે છે. કોઈને પણ માફ ન કર્યાનો ભાર લઈને ફરવું, એ સ્વાસ્થ્ય માટે સિગરેટ કરતા વધારે હાનીકારક છે.

મજામાં હોવું એટલે...

સંતોષ હોવો. ઈશ્વર તરફથી જે મળ્યું છે એનો આભાર અને જે નથી મળી શક્યું એનો સ્વીકાર, આ સમજણ હોવી એટલે મજામાં હોવું. જે દેખાતું નથી એને પામવાની ઝંખનામાં રાત- દિવસ રઝળપાટ કરવાને બદલે, સમી સાંજે એક બાંકડા પર બેઠા બેઠા ગમતા લોકો સાથે સૂર્યાસ્તને જોઈ શકવો.

મજામાં હોવું એટલે...

કોઈપણ આડંબર કે દંભ વગર ખુલ્લા દિલે હસી શકવું. આપણા જ ક્ષેત્ર કે વ્યવસાયમાં રહેલા કોઈ મિત્રની પ્રગતિથી ખુશ થવું.

મજામાં હોવું એટલે...

કશુંક ગુમાવી દેવાના ડર કે અસલામતી વગર જે મળ્યું છે એની ઉજવણી કરવી. કોઈપણ વળતરની અપેક્ષા વગર લોકોને મદદ કરી શકવી અને એ વાતનું અભિમાન ન આવવું.

મજામાં હોવું એટલે...

વર્તન, વાણી અને વિચારમાં ઉદાર હોવું. નાનામાં નાની વ્યક્તિને યોગ્ય સન્માન આપી શકવું.

મજામાં હોવું એટલે...

એકાંતમાં ગીતો ગાવા. શરમના પડદાઓ ફાડીને દિલ ખોલીને નાચવું. સામે મળતા દરેક જણને હસીને ગળે મળવું.

મજામાં હોવું એટલે...

સાંજનું ગમવું. દરેક સાંજ આપણા મૂડ અને મનોભાવોનું પ્રતિબિંબ હોય છે. સાંજ એ આપણા વિચારો અને અવસ્થાનો અરીસો છે. જેને સાંજ ગમે છે, એ માણસ નક્કી મજામાં છે.

મજામાં હોવું એટલે...

કોઈપણ વાતનો અફસોસ ન હોવો. ભૂતકાળમાં બનેલી ઘટનાઓને ભૂલી જવી, એ બીમારી નથી, તે એક કળા છે. આનંદના આકાશમાં ઉડવું હોય તો વિમાનમાં બેસવાની એક જ શરત છે: ધારદાર ભૂતકાળ કે અણીદાર વાતો સામાનમાં રાખવી નહિ!

મજામાં હોવું એટલે...

જાતમાં તલ્લીન હોવું. ઈશ્વરે બનાવેલા અજોડ અને અનન્ય સર્જનને અરીસામાં નિહાળીને તાળીઓ પાડવી. બીજાનું સારું ઈચ્છવું. જેઓ અન્યનું ખરાબ ઈચ્છે છે, એ લોકો મજામાં નથી હોતા.

પ્રેમ એવા જ લોકો કરી શકે છે જે મજામાં હોય છે!

આપણી આસપાસ રહેલા અન્ય લોકોને મજામાં રાખવા માટે આપણું પોતાનું મજામાં હોવું જરૂરી છે.

મજામાં હોવું એટલે...

એ રીતે વર્તવું કે સામે મળતા કોઈએ પણ 'કેમ છો?' પૂછવાની જરૂર જ ન પડે..!

શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ (રજી. ટ્રસ્ટ) જામનગર સંચાલિત

શ્રી ચેતનગીરી મધુગીરી ગોસ્વામી

દશનામ ગોસ્વામી મેડિકલ ભવન - અમદાવાદ

સિવિલ હોસ્પિટલ, ગેઈટ નં. ૫ ની સામે, મુખીવાસ, જહાંગીરપુરા, અસારવા, અમદાવાદ. M.: 98984 16915

શ્રી દશનામ ગોસ્વામી સમાજના દર્દી પરિવારને
વિનામુલ્યે (નિઃશુલ્ક)
રહેવાની સુવિધા પુરી પાડતું **ભવન.**

આ કલ્યાણકારી સેવાકીય કાર્યમાં યથાશક્તિ સ્વૈચ્છીક યોગદાન આપી આભારી કરશોજી.

મેડિકલ ભવન માટેનું આપવામાં આવેલું દાન સંપૂર્ણપણે આવકવેરા નિયમને આધિન 11(B)80G(5)25/11-12/903 JAMNAGAR DT: 29/6/2912 ના આધારિત આવકવેરામાં માફી પાત્ર છે.

SCAN TO PAY
WITH ANY BHIM UPI APP


:: બેંકની વિગત ::

ખાતાનું નામ : **શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ જામનગર**
બેંકનું નામ : **બેન્ક ઓફ બરોડા** (લાલ બંગલા શાખા) જામનગર.
ખાતા નંબર : **58090 10000 0447**
IFSC Code : **BARB0LALJAM** (Fifth Letter is ZERO)

:: વહીવટી કાર્યાલય ::

શ્રી હેમેન્દ્રગીરી સુંદરગીરી ગોસ્વામી
સ્વામિનારાયણ નગર, શેરી નં. ૫ (બંધ શેરીના નાકે), હાલાર હાઉસ પાછળ, જામનગર-૩૬૧૦૦૧. **M.: 98248 88187**





ચિરાગગીરી જી. ગોસાઈ
અમદાવાદ

સાયબર સિક્યુરિટી પ્રોફેશનલ માં જવા માટેના ખાસ પગથિયા...

આગામી પાંચેક વર્ષ સુધીમાં આ ફિલ્ડમાં ૩૧ ટકાનો વધારો નોંધાશે એમ નિષ્ણાતો દ્વારા માનવામાં આવે છે, એ જોતાં ઉજ્જવળ કારકિર્દી માટે આ ફિલ્ડમાં પ્રવેશવાનો આ જ સાચે સમય છે.

સાયબર સિક્યોરિટીને આજના સમયની જરૂરિયાત કહેવામાં આવે તો ખોટું કહેવાય નહીં. વધતી જતી ટેક્નોલોજી અને કમ્પ્યુટરના ઉપયોગથી આ ક્ષેત્રમાં પ્રોફેશનલ્સની માંગ વધી છે. ભૂતકાળમાં ઘણી સંસ્થાઓને સાયબર હુમલાઓનો સામનો કરવો પડ્યો હતો અને તે આગળ પણ થવાની સંભાવના છે. આવી સ્થિતિમાં એવા પ્રોફેશનલ્સની જરૂર છે જે સંસ્થાઓ અને તેમના ડેટાને સાયબર હુમલાથી બચાવી શકે. આ કારણોસર સાયબર સુરક્ષા નિષ્ણાતની જરૂરિયાત પણ દિવસેને દિવસે વધી રહી છે.

આ ક્ષેત્રમાં પ્રવેશવા માટે તમારી પાસે નીચે મુજબની કુશળતા અને લાયકાત હોવી આવશ્યક છે.

આ ક્ષેત્રમાં કમ્પ્યુટર સાયન્સ અથવા સંબંધિત ક્ષેત્રની સ્નાતકની ડિગ્રી આવી શકે છે.

ફાયરવોલ્સ અને અન્ય એન્ડપોઇન્ટ સુરક્ષા વિશે માહિતી હોવી સારી છે.

કમ્પ્યુટર ભાષાઓ અને C++, Java, Node, Python, Ruby, Go, Power Shell વગેરેનું જ્ઞાન હોવું આવશ્યક છે.

હેકર્સની પદ્ધતિઓ સાથે, સાયબર સુરક્ષા ટ્રેન્ડનું જ્ઞાન હોવું મહત્વપૂર્ણ છે.

સમસ્યાનું નિરાકરણ કરવાનો અભિગમ હોવો જોઈએ અને દરેક નાની-નાની વાત નજરમાંથી છટકી ન જવી જોઈએ એટલે કે દરેક વિગતો પર નજર રાખવાની ગુણવત્તા હોવી જોઈએ.

આ અભ્યાસક્રમો મદદ કરી શકે છે :

સાયબર સુરક્ષા મુખ્યત્વે તમારી સિસ્ટમને ઇન્ટરનેટ દ્વારા થતી ચોરી અને અન્ય ગેરરીતિઓથી સુરક્ષિત કરે છે. તે તમામ પ્રકારની સંસ્થાઓ, સરકારી અને ખાનગી દ્વારા જરૂરી છે, જેથી ડેટાની ચોરી અથવા દુરુપયોગ ન થાય. તમે અહીંથી કોર્સ કરી શકો છો.

NIELIT દિલ્હી, HITS ચેન્નઈ, બ્રેઈનવેર યુનિવર્સિટી, NSHM નોલેજ કેમ્પ, કોલકતા, AMIT યુનિવર્સિટી જયપુર, હૈદરાબાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ, હૈદરાબાદ. અહીંથી પીજી ડિપ્લોમાથી પીજી ડિગ્રી કોર્સ કરી શકાય છે. તેને પીજી ડિગ્રી કોર્સમાં સ્પેશલાઇઝેશન તરીકે પસંદ કરી શકાય છે. જો કે, કેટલાક સ્થળોએ પીજી કોર્સ ફક્ત ખાસ સાયબર સુરક્ષા પર જ ચલાવવામાં આવે છે. આ સિવાય ડિપ્લોમા કોર્સ પણ કરી શકાય છે.

માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી 12મું પાસ ઉમેદવારો કે જેઓ સાયન્સ બ્રેકગ્રાઉન્ડ ધરાવે છે. તેઓ સ્નાતક અભ્યાસક્રમ માટે અરજી કરી શકે છે. બીજી તરફ, સાયબર સિક્યોરિટીમાં સ્નાતકમાં ઓછામાં ઓછા 50 ટકા માર્ક્સ હોય તો માસ્ટર્સ કોર્સ માટે અરજી કરી શકાય છે. દરેક અન્ય સંસ્થાના નિયમો અલગ-અલગ હોય છે, જેની વિગતો તેમની સત્તાવાર વેબસાઈટ પર જઈને ચકાસી શકાય છે.

કારકિર્દી વિકલ્પો શું છે :

કોર્સ પૂરો કર્યા પછી વ્યક્તિ સાયબર સિક્યોરિટી જર્નાલિસ્ટ, નેટવર્ક સિક્યોરિટી એન્જિનિયર, ક્લાઉડ સિક્યોરિટી એન્જિનિયર, સિક્યોરિટી આર્કિટેક્ટ જેવી વિવિધ જગ્યાઓ પર કામ કરી શકે છે. બેન્કિંગથી યુટિલિટી સુધીના ઘણા ક્ષેત્રોમાં નોકરીઓ ઉપલબ્ધ છે. નોકરી મેળવવા પર વર્ષના પ્રારંભિક તબક્કામાં 5 થી 6 લાખની કમાણી કરી શકાય છે.



સુવર્ણ
પ્રભાત...

આ **પ્રતિમા** એ તમારું **સર્જન** છે?



'આ પ્રતિમા એ તમારું સર્જન છે ?'

' હા.'

'પથ્થર તમે ક્યાંથી લાવ્યા ?'

'ગામના નાકે આ પથ્થર પડ્યો હતો.'

'એમાંથી તમે આ પ્રતિમા ઘડી ?'

' હા.'

'તમારા સર્જનાત્મક હાથને સલામ છે..'

' કેમ ?'

'એવા બેકાર પથ્થરમાંથી તમે પ્રતિમા ઘડી જ શી રીતે ?'

'એક વાત કદાચ તમારા ખ્યાલમાં નથી. એ પથ્થરમાં પ્રતિમા પહેલેથી છુપાઇને પડી જ હતી. મેં માત્ર એ છુપાયેલ પ્રતિમાને બહાર લાવવાનું કામ જ કર્યું છે. '


'શી રીતે બહાર લાવ્યા ?'

'એ પથ્થરમાં જે વધારાની ચરબી હતી એને ટાંકણા લગાવી-લગાવીને દૂર કરતો ગયો.. આ બાજુ સંપૂર્ણ ચરબી દૂર થઇ ગઇ અને આ બાજુ પથ્થરમાં છુપાઇને પડેલ પ્રતિમા બહાર આવી ગઇ.'

હા. અધ્યાત્મ જગતમાં આ જ વાત છે. અહીં દરેક આત્મા પરમાત્મા બનવાની સંભાવના લઈને જ બેઠો છે. પણ મુશ્કેલી એ સર્જાઇ છે કે આત્મા પર જામી ગયા છે અહંકારના, અસત્યના અને અસદ્ આગ્રહના ચરબીના થર. જ્યાં સુધી એ થર ઊતરતા નથી, ત્યાં સુધી અંદરમાં છુપાઈને પડેલું પરમાત્મ સ્વરૂપ બહાર આવતું નથી અને જ્યાં સુધી એ થર જામેલા છે ત્યાં સુધી માન્યામાં જ નથી આવતું કે અંદરમાં પરમાત્મ સ્વરૂપ દબાઈને પડ્યું છે.

પ્રભુનાં વચનો પર બેસી જાય, જો આપણને શ્રદ્ધા અને સદ્‌ગુરુના હાથમાં સોંપી દઈએ, જો આપણે આપણી પોતાની જાતને, જ્યાં જ્યારે જે રીતે એમને આજ્ઞાના ટાંકણાઓ લગાવવા હોય, આપણે આપી દઈએ એમને એ રીતની છૂટ, તો આપણા જીવનમાં એક સુવર્ણપ્રભાત એવું ઊગીને જ રહે કે જ્યારે આપણો આત્મા ખુદ પરમાત્મા બનીને જ રહે.





ઉનાળામાં સ્વસ્થ રહેવા માટે આ ચારનું સેવન કરો...



ડૉ. નંદિની એસ. ગોસાઈ
જામનગર

ઉનાળામાં પરસેવાના કારણે ડિહાઈડ્રેશન અને હીટસ્ટ્રોકનું જોખમ પણ ઊભું થાય છે. તેથી જ ઉનાળા દરમિયાન સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું પડે છે.

ખાસ તો આ સિઝનમાં તમે શું ખાવ છો તેના પર ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે. તેથી ઉનાળામાં એવી વસ્તુઓનું સેવન કરવું જોઈએ જે શરીરને જરૂરી પાણી પૂરું પાડે અને પોષક તત્ત્વો પણ મળે. આજે એવી ચાર વસ્તુઓ વિશે જણાવીએ છીએ જેનાથી શરીર હાઈડ્રેટ રહે છે.

તરબૂચ :

તરબૂચ એકમાત્ર એવું ફળ છે જેમાં વોટર કન્ટેન્ટ સૌથી વધુ હોય છે. આ ફળનો મોટો ફાયદો એ છે કે તેમાં કેલેરી ખૂબ જ ઓછી હોય છે અને પોષક તત્ત્વો ભરપૂર. ઉનાળા દરમિયાન ગરમીથી રાહત મેળવવી હોય તો તરબૂચને નિયમિત ખાવું જોઈએ. તેનાથી વજન ઘટાડવામાં પણ મદદ મળે છે.

કાકડી :

કાકડીમાં પણ પાણી સૌથી વધુ પ્રમાણમાં હોય છે. તેમાં પણ કેલેરી

ઓછી હોય છે તે શરીરને હાઈડ્રેટ રાખે છે અને વજન પણ ઘટાડે છે. કાકડીમાં ફાઈબર હોય છે જે પેટને કલાકો સુધી ભરેલું રાખે છે ઉનાળા દરમિયાન કાકડી ખાવાથી પાચન સંબંધિત સમસ્યામાં પણ ફાયદો થાય છે.



ટામેટા :

ટામેટાં વિના રસોઈનો સ્વાદ અધૂરો લાગે છે. ટામેટાંને સલાડ તરીકે પણ ખાઈ શકાય છે. વિટામિન-સી થી ભરપૂર ટામેટા બોડીને હાઈડ્રેટ રાખે છે અને વજન પણ કંટ્રોલ કરે છે. તેમાં લાયકોપીન જેવા એન્ટિઓકિસડન્ટ હોય છે જે સોજાને દૂર કરી શકે છે.



સંતરા :

સંતરા ઈમ્યુનિટી બુસ્ટ કરે છે. વિટામિન-સી થી ભરપૂર સંતરા બ્લડ સુગ લેવલને રેગ્યુલેટ કરે છે. સંતરા ખાધા પછી કલાકો સુધી ભૂખ લાગતી નથી. તેનાથી ધીરે ધીરે વજન ઓછું થાય છે. આ એક રસદાર ફળ છે જે શરીરમાં પાણીની ખામી પણ થવા દેતું નથી.

બોધ
કથા



મંથનપુરી એલ. ગોસ્વામી
સુરત

એક ગલૂડીયાની કથા...

એક દુકાનની બહાર પાટિયું લગાડેલું હતું.' અહિયાં ગલૂડીયા વેચતા મળશે.'

એક બાળકે દુકાનમાં પ્રવેશી પૂછ્યું,' આ ગલૂડીયાની કિંમત શું હોય?'

'30 થી 50 ડોલર.'

બાળકે ખિસ્સામાં હાથ નાખી કહ્યું,' ઓહ, મારી પાસે તો અઢી ડોલર જ છે, પણ મને ગલૂડીયા બતાવશો?'

દુકાનદારે સ્મિત વેર્યું. ગલૂડીયાની સંભાળ રાખનાર મહિલા સાથે એને અંદર મોકલ્યો. છોકરો તો પાંચ, રૂ ના નાના ઢગલા જેવા ગલૂડિયાને દોડાદોડી કરતા જોઈ નાચી ઉઠ્યો, પણ તેમનું એક ગલૂડિયું લંગડાતું હતું. છોકરાએ પૂછ્યું' આને શું થયું છે?'

દુકાનદારે સમજાવ્યું કે આને અમે તેને પ્રાણીઓના ડોક્ટર પાસે લઇ ગયા હતા. તેને તપાસીને કહ્યું કે, તેના થાપના હાડકા બરાબર નથી. તે હમેશા આમ જ લંગડાશે. છોકરો કહે, બસ મારે આજ ગલૂડિયું ખરીદવું છે. દુકાનદારે કહ્યું' તું એની દયા ખાઈ રહ્યો છે, પણ જો તારે સાચે જ એ લેવું હોય તો હું તને મફત આપી દઈશ.' મફત શા માટે?'

હું એની પૂરી કિંમત આપીશ. આ અઢી ડોલર અત્યારે અને દર અઠવાડિયે પચાસ-પચાસ સેન્ટ, પૂરી કિંમત ચૂકવ્યા પછી તેને લઇ જઈશ..

દુકાનદાર કહેવા લાગ્યો,' પણ તું આવું લંગડું ગલૂડિયું શા માટે લે છે? તે કદી બીજા ગલૂડીયાની જેમ રમી, દોડી કે નાચી કૂદી નહી શકે.'

છોકરાએ દુકાનદારની આંખોમાં પરોવી અને પોતાના પેન્ટને ઊંચું ચડાવ્યું. તેનો ડાબો પગ નબળો અને વાંકો હતો અને તેના પર લોઢાના સળિયા વાળો લાંબો બૂટ તેને પહેર્યો હતો. તેને ધીરેથી કહ્યું,' હું પણ રમી, દોડી કે કૂદી નથી શકતો. અમે બન્ને એકબીજાને સમજી શકીશું, અમને એકબીજાની જરૂર છે.



હાસ્ય
કણિકાઓ



દર્શનપુરી ડી. ગોસ્વામી
સુરત

* કોઇએ બાપુને પુછ્યું વુમન અને મેન માં શું ફરક?

બાપુ: "વુમન" શબ્દને પાછળથી વાચીએ તો "નમવુ" વંચાશે..!!

"મેન" શબ્દને પાછળથી વાચીએ તો "નમે" વંચાશે !!!!

જે નમે એ "મેન" અને જેની આગળ નમવુ પડે ઇ છે "વુમન"...!

* * *

- પતિ: આ જો, આજનાં છાપામાં સમાચાર છે કે પત્ની એ એનાં પતિને વેચી નાખ્યો.

પત્ની: હે?? કેટલામાં વેચ્યો??

પતિ: એક સાયકલનાં બદલામાં..... પણ, જો જે હો તું આવું ન કરતી.

પત્ની: અરે હું કાંઇ ગાંડી છું તે આવું કરું???

મને એટલી તો ખબર પડે છે કે તમારું... એક્ટિવા તો આવે જ તે...!!!!

* * *

* હવે તો હદ થઈ ગઈ,

છોકરીવાળા એ એમ કહીને સબંધ કરવાની ના પાડી દીધી કે,

તમારા ગામમા જીયોનો ટાવર નથી અમારી દીકરી કંટાળી જાય.

- દીકરોઃ હું કાલથી સ્કૂલમાં નહીં જાઉં.

મમ્મીઃ કેમ? આજે પાછી ધુલાઈ થઈ લાગે છે.

દીકરોઃ ટીચર એમના મનમાં સમજે છે શું?

મમ્મીઃ શું થયું?

દીકરોઃ ટીચરે પોતે જ બોર્ડ પર લખ્યું 'મહાભારત'. અને મને પૂછ્યું, બોલ, મહાભારત કોણે લખ્યું? મેં કહ્યું ટીચર હમણાં તમે જ તો લખ્યું...

તોય મને ઢીબી નાખ્યો.

* * *

* ગેરેજવાળો : મેડમ તમે એક્ટિવા રોક્વા પગ કેમ ઘસો છો ?

મેડમ: કારણકે બ્રેક લાઇનર ૩૫૦ રુપિયાનુ આવે અને ચપ્પલ ૭૦ રુપિયાના.

* * *

- એક વાર એન્જીનીયરીંગ કોલેજના બધા પ્રોફેસરોને પ્લેનમા બેસાડવામાં આવ્યા.

પછી સૂચના આપવા મા આવી કે,

"આ પ્લેન તમારી કોલેજના વિદ્યાર્થીઓ એ બનાવેલ છે. "

આ સાંભળતા જ બધા પ્રોફેસર ઉતરી ગયા, પણ પ્રિન્સીપાલ બેઠા રહ્યા. એરહોસ્ટેસે નજીક આવી પૂછ્યું, સાહેબ તમને ડર નથી લાગતો?


પ્રિન્સીપાલ: મને મારા વિદ્યાર્થીઓ પર પૂરો વિશ્વાસ છે... ચાલુ જ નહીં થાય.!!

* * *

હેલ્થ
ટીપ્સ



ગરમીમાં **લૂ** લાગીને કોઈ **બેભાન** થઈ જાય તો **શું** કરવું?



ડૉ. સાગરગીરી આર. ગોસાઈ
જામનગર

ગરમીની સિઝન શરૂ થઇ ગઇ છે અને ઘણી જગ્યાએ તાપમાન ઝડપથી વધી રહ્યું છે. એવામાં લૂ લાગવાનો ખતરો ખૂબ વધી જાય છે. લૂ લાગવાથી શરીરનું તાપમાન વધી જાય છે, જેના લીધે બેભાન થઇ જવું અને ત્યાં સુધી કે મૃત્યું પણ થઇ શકે છે.

તાજેતરમાં જ સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઇડલાઇને લોકોનું ધ્યાન તે તરફ ખેંચ્યું છે કે લૂ લાગવાથી બેભાન વ્યક્તિને ભૂલથી પણ પાણી પીવડાવવું જોઇએ નહી. આ સાંભળવામાં ભલે વિચિત્ર લાગે, પરંતુ તેની પાછળ વૈજ્ઞાનિક કારણ છે.

કેમ આપવું જોઇએ નહી પાણી?

લૂ લાગવાથી શરીરનું તાપમાન વધી જાય છે. બેભાન હાલાતમાં જો વ્યક્તિને અચાનકથી પાણી પીવડાવવામાં આવે તો આ તેના માટે ખતરનાક સાબિત થઇ શકે છે. આવું એટલા માટે કારણ કે શરીરનું તાપમાન ઝડપથી ઓછું થતાં ઇલેક્ટ્રોલાઇટ અસંતુલનની સ્થિતિ પેદા થઇ શકે છે. તેનાથી વ્યક્તિને સ્ટ્રોક અથવા હાર્ટની ગતિ અટકવાનો ખતરો રહે છે.

તો શું કરશો?

જો તમને ખબર પડે છે કે કોઇ વ્યક્તિ લૂ લાગવાથી બેભાન થઇ છે. તો ગભરાશો નહી, તેને તાત્કાલિક છાંયડાવાળી જગ્યા પર લઇ જાવ અને તેના કપડાં ઢીલા કરો. ત્યારબાદ નીચે બતાવવામાં આવેલા ઉપાય કરો.

- શરીરને ઠંડુ કરો.
- વ્યક્તિના માથા અને પગ પર ઠંડું કપડું મુકો અને પંખો ચાલુ કરો.
- પાણી અથવા તરલ પદાર્થ ન આપો
- બેભાન વ્યક્તિને પાણી અથવા તરલ પદાર્થ ન આપો. તેનાથી સ્થિતિ બગડી શકે છે.
- ડોક્ટરનો સંપર્ક કરો
- જલદીથી જલદી એમ્બુલન્સને બોલાવો અને બેભાન વ્કતિને હોસ્પિટલ લઇ જાવ.

આરોગ્ય મંત્રાલયની સલાહ :

સ્વાસ્થ્ય મંત્રાલયે લોકોને ગરમીથી બચવાની સલાહ પણ આપી છે. આમાં દિવસ દરમિયાન સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવાનું ટાળવું, ઢીલા અને સુતરાઉ કપડાં પહેરવા, ઘરની બહાર નીકળતી વખતે છત્રી અથવા કેપનો ઉપયોગ કરવો અને પુષ્કળ પ્રવાહી પીવાનો સમાવેશ થાય છે.

લૂથી કેવી રીતે બચશો?

- દિવસે 12 થી 3 વાગ્યા દરમિયાન સીધા સૂર્યપ્રકાશમાં નિકળવાનું ટાળો.
- ઘરમાંથી નિકળતી વખતે પાણીની બોટલ સાથે રાખો અને વારંવાર પાણી પીવો.
- બહાર નિકળતી વખતે છત્રી અથવા ટોપીનો ઉપયોગ કરો.
- ઢીલા અને કોટનના કપડાં પહેરો
- નારિયેળ પાણી, છાસ, ફળનો જ્યૂસ જેવા તરલ પદાર્થનું સેવન કરો.

ગરમીની સિઝનમાં સાવધાની ખૂબ જરૂરી છે. લૂ લાગવાની સ્થિતિમાં પાણી પીવડાવવાનું ટાળો અને તાત્કાલિક ડોક્ટરની મદદ લો. સાથે જ ગરમીથી બચવાના ઉપાયોને અપનાવીને હેલ્ધી રહો.

દુ:ખદ **વાસ્તવિકતા**



SAD **REALITY**



આભાર

ૐ નમો નારાયણ,

અત્યંત આનંદની લાગણી સાથે આ **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝીનનો **જુન-૨૦૨૪**નો **૨૪મો** અંક આપની સમક્ષ રજૂ કરવાની સાથે 'દશનામ સરક્યુલર'ને બે વર્ષ પૂર્ણ થાય છે. આપના સહકાર બદલ આપ સર્વે જ્ઞાતિબંધુઓ, વાચક મિત્રો, લેખક બંધુઓ સર્વેનો દિલથી આભાર વ્યકત કરૂં છું...

મને આશા છે કે આ અંક પણ આપને જરૂર ગમશે અને ઉપયોગી થશે. અગર આપ એવું ઈચ્છતા હો કે આ અંક આપણા સમાજના દરેક પરિવાર, સભ્ય સુધી પહોંચે, તો આપ આપના સગા-સ્નેહીજનો-મિત્રોના ગ્રુપમાં પણ જરૂર શેર કરજો.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનમાં સંકલિત કરેલી કેટલીક ઉપયોગી માહિતી સોશિયલ મિડીયાના માધ્યમથી આપણા સમાજની દરેક વ્યકિત, પરિવાર સુધી પહોંચે અને ઉપયોગી થાય એવો અમારો આ નમ્ર પ્રયાસ છે. આ ઈ-મેગેઝિનનો અંક દર અંગ્રેજી મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રસિદ્ધ થાય છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનને હજુ પણ શ્રેષ્ઠતમ બનાવવા આપના સૂચનો આવકાર્ય છે.

આ અંક માટે આપનો અભિપ્રાય અમને **વોટ્સએપ, ટેલિગ્રામ** અથવા **ઈ-મેલ** પર જરૂર મોકલશો, આપનો અભિપ્રાય અમારો ઉત્સાહ વધારશે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના આગળના દરેક અંક આપ અમારી **ટેલિગ્રામ ચેનલ, વોટ્સએપ ગ્રુપ, ગુગલ ડ્રાઈવ** તેમજ **ઈન્ટરનેટ આરકાઈવ** પરથી દરેક અંક વિનામુલ્યે પ્રાપ્ત કરી શકો છો. જેની લિંક આ અંકમાં આપેલી છે.

આપના આશીર્વાદ અને સાથ સહકાર મળતા રહે એવી અપેક્ષા સહ...
ૐ નમો નારાયણ...

- લલિતપુરી આર. ગોસ્વામી

દશનામ
સરક્યુલર

માસિક ગુજરાતી ઈ-મેગેઝિન

દર મહિને અંક પ્રાપ્ત કરવા માટે

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive
ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

દશનામ
સરક્યુલર

"સમાજ શ્રેષ્ઠીઓના ઈન્ટરવ્યૂ વિશેષાંક"

ઓમ નમો નારાયણ.

જ્ઞાતિજનો.

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે દશનામ ગોસ્વામી સમાજનાં પ્રસિદ્ધ મેગેઝિન **"દશનામ સરક્યુલર"**માં ગોસ્વામી સમાજની વિશેષતાઓ પર વિશેષાંક બનાવવામાં આવશે.

જેમાં આપણાં ગોસ્વામી સમાજનાં **પાળિયાઓ, જીવંત સમાધિઓ, શૂરવીરો**, **સંતો, કથાકારો, ખેલાડીઓ, કલાકારો** વગેરે **મહાનુભવોનાં ઈન્ટરવ્યુ,** સહિતનાં વિવિધ સાહિત્યિક વિશેષાંકો બનાવવામાં આવશે. આપણાં ભવ્ય ઇતિહાસને તાજો કરવાનો અમારો આ નમ્ર પ્રયાસ આપ સૌને ગમશે એવી આશા.

ટૂંક સમયમાં પ્રથમ વિશેષાંક પ્રકાશિત થશે..
"સમાજ શ્રેષ્ઠીઓનાં ઇન્ટરવ્યૂ વિશેષાંક."

નિ:સ્વાર્થ ભાવે સમાજ સેવા કરતા ગુજરાતભરનાં મહાનુભાવોનો જીવન પરિચય.

તંત્રી શ્રી
લલિતપુરી રામપુરી ગોસ્વામી,
(9898 550 883)

સહતંત્રી શ્રી
રમેશપુરી ઉમેદપુરી ગોસ્વામી
"સારથિ".
(9987 822 505)

e-mail:- dashnamcircular@gmail.com

સાદર અર્પણ...

અમારામાં સંસ્કારો અને આવડતોનું સિંચન કરનાર
અમારાં માતા-પિતાને...

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ।।

પૂ. પિતાશ્રી રામપુરી નારણપુરી ગોસ્વામી • પૂ. માતુશ્રી જમનાબેન રામપુરી ગોસ્વામી

